# શ્રીકૃષ્ણની લીલાઓ : ભક્તો સાથેના સંબંધો

ધર્મરંગ

વ્યોમા સેલર

શ્રીકૃષ્ણ ભગવાનના અવતારોમાં સૌથી વિશિષ્ટ અને સર્વગ્રાહી માનવામાં આવે છે. તેમનો અવતાર માત્ર ધર્મની સ્થાપના માટે જ નહીં પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં માર્ગદર્શન આપવા માટે થયો હતો. શ્રીકૃષ્ણના જીવનમાં બાળપણથી લઈને યુવાની અને રાજનીતિ સુધીની દરેક ઘટના માનવજાતને ઊંડો સંદેશ આપે છે.

શ્રીકૃષ્ણનો જન્મ મથુરામાં કંસના કારાગૃહમાં થયો હતો, જે પોતે જ દર્શાવે છે કે અંધકારમાં પણ પ્રકાશનો જન્મ થઈ શકે છે. તેમનું બાળપણ ગોકુલ અને વૃંદાવનમાં વિત્યું, જ્યાં તેમણે અનેક લીલાઓ કરી. માખણચોરી, ગોપીઓ સાથેના રમૂજી પ્રસંગો અને કાળીયા નાગનો દમન જેવી ઘટનાઓ તેમના દૈવી સ્વરૂપને દર્શાવે છે. આ બધું માત્ર મોજમસ્તી નહોતું પરંતુ અધર્મ પર ધર્મની જીતનું પ્રતીક હતું.

શ્રીકૃષ્ણની સૌથી મોટી વિશેષતા તેમની 'ભગવદ ગીતા' છે, જેમાં તેમણે અર્જુનને કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગનો ઉપદેશ આપ્યો. ગીતા જીવન જીવવાનો એક સંપૂર્ણ માર્ગ દર્શાવે છે, જેમાં વ્યક્તિ પોતાના કર્તવ્યને નિષ્ઠાપૂર્વક કરે અને ફળની ચિંતા કર્યા વગર કર્મ કરે. આ શિક્ષણ આજના સમયમાં પણ એટલું જ પ્રસ્તુત છે જેટલું મહાભારતના યુદ્ધ સમયે હતું.

શ્રીકૃષ્ણનું રાજનીતિક જ્ઞાન પણ અદ્વિતીય હતું. તેમણે મહાભારતના યુદ્ધમાં પાંડવોને માર્ગદર્શન આપ્યું અને સત્ય તથા ધર્મની જીત સુનિશ્ચિત કરી. તેમણે હંમેશાં ન્યાય અને સત્યનો પક્ષ લીધો, ભલે તેને માટે કેટલાયે પડકારોનો સામનો કરવો પડ્યો હોય.

શ્રીકૃષ્ણની એક વિશેષતા એ છે કે તેઓ માત્ર ભગવાન જ નહીં પરંતુ એક સાચા મિત્ર, માર્ગદર્શક અને તત્ત્વજ્ઞાની પણ હતા. સુદામા સાથેની તેમની મિત્રતા એ દર્શાવે છે કે સાચી મિત્રતા ધન-સંપત્તિથી ઉપર હોય છે.

આ રીતે, શ્રીકૃષ્ણનો અવતાર માનવજાત માટે પ્રેરણાસ્ત્રોત છે. તેમની લીલાઓ અને ઉપદેશો જીવનને સુખી, શાંતિપૂર્ણ અને ધર્મમય બનાવવાની દિશા આપે છે.



શ્રીકૃષ્ણનું જીવન આપણને શીખવે છે કે જીવનમાં કેટલાંયે સંકટો આવે પરંતુ સત્ય અને ધર્મના માર્ગ પર અડગ રહેવું જોઈએ

શ્રીકૃષ્ણની લીલાઓમાં ભક્તો સાથેના સંબંધો અત્યંત મધુર અને આધ્યાત્મિક ઊંડાણ ધરાવે છે. તેમાં સનાતન ગોસ્વામી સાથેનો સંબંધ વિશેષ મહત્ત્વનો છે. સનાતન ગોસ્વામી શ્રી ચૈતન્ય મહાપ્રભુના મુખ્ય શિષ્યોમાંના એક હતા અને વૃંદાવન ધામમાં ભક્તિ પરંપરાના પ્રચાર માટે પ્રસિદ્ધ થયા.

સનાતન ગોસ્વામીનું જીવન સંપૂર્ણપણે ભક્તિ અને વૈરાગ્યથી ભરેલું હતું. તેઓ વૃંદાવનમાં ખૂબ જ સાદું જીવન જીવતા, ભિક્ષા લઈને જીવનનિર્વાહ કરતા અને સતત હરિભજનમાં લીન રહેતા.

શ્રીકૃષ્ણ તેમની નિષ્ઠા અને શુદ્ધ ભક્તિથી અત્યંત પ્રસન્ન હતા, તેથી તેઓ સનાતન ગોસ્વામી સાથે વિવિધ રૂપોમાં લીલા કરતા.

એક પ્રસિદ્ધ લીલા મુજબ, એક વખત સનાતન ગોસ્વામી જંગલમાં ભજન કરતા હતા અને તેમની પાસે ખાવા માટે કંઈ નહોતું. ત્યારે એક નાનો ગોપાલ બાળક રોજ તેમના માટે ભોજન લઈને આવતો. સનાતન ગોસ્વામીને ખબર નહોતી કે આ બાળક સ્વયં શ્રીકૃષ્ણ છે. એક દિવસ તેમણે બાળકને પૂછ્યું કે તું કોણ છે અને ક્યાંથી આવે છે, ત્યારે બાળક અચાનક અદૃશ્ય થઈ ગયો. ત્યાર બાદ સનાતન ગોસ્વામીને સમજાયું કે તેઓ ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કરી રહ્યા હતા.

બીજી એક લીલામાં કહેવામાં આવે છે કે શ્રીકૃષ્ણે સનાતન ગોસ્વામીને એક શિલા (ગોવિંદજીની

> **સનાતન ગોસ્વામી અને શ્રીકૃષ્ણ વચ્ચેનો સંબંધ માત્ર ભગવાન અને ભક્તનો નહોતો પરંતુ એક અત્યંત નજીકનો અને પ્રેમભર્યો સંબંધ હતો. આ લીલાઓ આપણને શીખવે છે કે નિઃસ્વાર્થ ભક્તિ અને સમર્પણથી ભગવાનને પ્રાપ્ત કરી શકાય છે**

પ્રતિમા) સ્વરૂપે દર્શન આપ્યા, જેની તેઓ ખૂબ પ્રેમથી સેવા કરતા. આ દર્શાવે છે કે ભગવાન ભક્તના પ્રેમથી બંધાઈ જાય છે અને તેમની સેવા સ્વીકારવા માટે વિવિધ સ્વરૂપ ધારણ કરે છે.

સનાતન ગોસ્વામી અને શ્રીકૃષ્ણ વચ્ચેનો સંબંધ માત્ર ભગવાન અને ભક્તનો નહોતો પરંતુ એક અત્યંત નજીકનો અને પ્રેમભર્યો સંબંધ હતો. આ લીલાઓ આપણને શીખવે છે કે નિઃસ્વાર્થ ભક્તિ અને સમર્પણથી ભગવાનને પ્રાપ્ત કરી શકાય છે.

આ રીતે, સનાતન ગોસ્વામી સાથેની શ્રીકૃષ્ણની લીલાઓ ભક્તિ માર્ગમાં અખંડ શ્રદ્ધા અને પ્રેમનું ઉત્તમ ઉદાહરણ છે, જે દરેક ભક્તને પ્રેરણા આપે છે કે ભગવાનની સાચા હૃદયથી ભક્તિ કરવી જોઈએ.

---

# અલ્પના વિનાની ઝૂંપડી

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

ગુરુ દ્રષ્ટિમાં કેવું પરિવર્તન લાવે? તેની વાત કરતા તેમના ગુરુ અજીત દાસને યાદ કરતા કરતા પલસા દાસ રડી પડ્યા.

વર્ધમાન જિલ્લામાં, પૂર્વગમના મયૂરક્ષી નદીના દક્ષિણ કાંઠા પર, લાધસા ગામના સીમાડે, અમે પલસા દાસના આશ્રમે બેઠા હતા. ત્યારે પલસા દાસે કહ્યું, ''તમારા વ્યક્તિત્વની સાચી પરખ કરાવે અને દ્રષ્ટિમાં બોધનું અંજન કરે તે જ સાચો ગુરુ!''

આગળ બોલ્યા, ''મારા ગુરુ અજીતા દાસ તેવા સમર્થ હતા. તમે આજે ગામની મુખ્ય બજારમાંથી અહીં નદીકાંઠે આવ્યા ત્યારે એક ફૂલબાગાન આવેલું હશે. તેની બાજુમાં જે આઠદસ કાચાં મકાનો છે ત્યાં એક વૃદ્ધ ડોશીમા, તેની વિધવા પુત્રી સાથે રહેતાં હતાં. તેના ફળિયામાં સરગવાનાં બે ઝાડ હતાં. તેની શીંગ વેચી તે માજી ગુજરાત ચલાવતી. સાથે ગામના ચોખા છડવા, સાફ કરવા વગેરે કામ પણ કરતી. તે ખૂબ ગરીબ હતી પરંતુ મને તેમ લાગતું કે તે મહાકંજૂસ પણ છે. ધર્મમાં શ્રદ્ધા પણ ધરાવતી નથી કારણ કે હું દરરોજ માધુકરીમાં નીકળું ત્યારે નિહાળતો કે તેની ઝૂંપડીના આંગણામાં ક્યારેય ચોખાના લોટની અલ્પના પણ હોતી નથી! તમે તો જાણો છો કે બંગાળમાં દરેક ઘરના આંગણામાં દળેલા ચોખાના સફેદ લોટથી રંગોળી એટલે કે અલ્પના બનાવવામાં આવે છે. તે રીતે લોકો દરરોજ સવારે પોતાની શ્રદ્ધા, ત્રણે દેવી અને ઈશ્વર પ્રત્યે વ્યક્ત કરે છે. આ ડોશીમા એટલા બધાં કંજૂસ, જાણે ધર્મ પ્રત્યે અશ્રધ્ધેય હતાં કે તેઓ આ અલ્પના (રંગોળી) કરતાં જ નહીં! તેથી હું ત્યાં ક્યારેય માધુકરી કરવા જતો નહીં! તેમના તરફ તિરસ્કાર ભાવ રાખતો!



એક વખત મારા ગુરુ સાથે હું ગામમાં જતો હતો. આ ડોશીમાનું ઝૂંપડું આવ્યું. મારા આશ્ચર્ય વચ્ચે ગુરુએ ઝૂંપડાની બહાર ઊભા રહી, માતાને અવાજ લગાવ્યો! માતાજી બહાર આવ્યાં. તેને ગુરુજીએ વંદન કર્યા અને અમે આગળ વધ્યા!

મેં ગુરુને કહ્યું, ''તમે સારું કર્યું, તે ડોશી પાસેથી માધુકરી ન લીધી!''

ગુરુએ પૂછ્યું, ''કેમ?''

મેં કહ્યું, ''તે ડોશીમા ખૂબ જ લોભી છે. જેટલા લોભી છે, તેટલા જ ધર્મ પ્રત્યે અશ્રદ્ધા ધરાવનાર પણ છે!''

ગુરુએ પૂછ્યું, ''તને કેમ ખબર પડી?''

મેં કહ્યું, ''મેં તેના ફળિયામાં ક્યારેય ચોખાના લોટની દોરાયેલ રંગોળી જોઈ નથી! આપણે આવા કંજૂસ લોકોનું ન ખાઈએ તે જ સારું!''

પછી હું થોડો અટક્યો અને ગુરુને પૂછ્યું, ''પણ તમે તેને આટલા બધા ભાવથી વંદન કેમ કર્યા?''

ગુરુ બોલ્યા, ''તેની ગુપ્ત ભક્તિ અને ઉદારતાના ગુણને લીધે....''

હું તેમના તરફ ચકિત થઈ અને જોઈ રહ્યો. મનોમન એમ વિચાર્યું કે હું તે ડોશીને ધર્મ પ્રત્યે અશ્રદ્ધા રાખનાર અને કંજૂસ કહું છું, ગુરુ તો તેનાથી તદ્દન ઊલટી વાત કરે છે!

ત્યાં તો ગુરુ બોલ્યા, ''પલસા, તું તેને ધર્મમાં શ્રદ્ધાહીન માને છે કારણ કે તેના ફળિયામાં કદી એ ચોખાના લોટની પરંપરાગત રંગોળી તેં જોઈ નથી.

> **ડોશીમા એટલા બધાં કંજૂસ, જાણે ધર્મ પ્રત્યે અશ્રધ્ધેય હતાં કે તેઓ આ અલ્પના કરતાં જ નહીં! તેથી હું ત્યાં ક્યારેય માધુકરી કરવા જતો નહીં! તેમના તરફ તિરસ્કાર ભાવ રાખતો**

પરંતુ તને ખબર છે, તે પરોઢે ઊઠીને પહેલું કામ અત્યંત શ્રદ્ધાપૂર્વક રંગોળી બનાવવાનું જ કરે છે! તું સાત વાગ્યે માધુકરી માટે નીકળ્યો હો ત્યારે તો રંગોળીમાં રહેલ દળેલા ચોખાના કણો કીડીના દરમાં ચાલ્યા ગયા હોય! આખાંપાખાં કણ ચકલીઓના પેટમાં ચાલ્યા ગયા હોય છે! રંગોળી જમીન પર સાવ અદ્રશ્ય થઈ ગઈ હોય છે, તેથી તું તેમ માને છે કે તે રંગોળી કરતી નથી! ખરેખર તો તે જ ભૂખનું દુઃખ જાણે છે! તે માને છે કે સૂર્ય ઊગી જાય પછી તો પંખી, કીડી, વગેરેને કંઈક ખાવા મળી જાય પરંતુ આખી રાતની તેમની ભૂખનું પરોઢમાં જ શમન કરવું એ જ સાચું દાન છે. બાકી સાત વાગ્યે ચોખાના લોટની રંગોળી કરીએ તો તે કીડી - ચકલા માટે નહીં પરંતુ, જગદેખાડા માટે કરેલી કહેવાય. ''

ગુરુ આગળ બોલ્યા, ''આ રીતે હું તેની ગુપ્ત ભક્તિ અને ઉદારતા તથા ખરેખરા ભૂખના દુઃખને જાણવાની કરુણાને વંદન કરું છું! એ માતૃશક્તિને વંદન કરું છું!''